## ડબલ્યુ આર મલીક એડી સી જે એમ કોર્ટ દાહોદ સાહેબની કોર્ટમાં

## ક્રિમીનલ કેસ નં. ૫૪૮૭/૨૦૨૪

આંક–........

**<u>ફરીયાદી:–</u>** ધી સ્ટેટ ઓફ ગુજરાત. **<u>વિરુધ્ધ</u>**

**<u>આરોપી:–</u>** (૧) શ્યામભાઈ મગનભાઈ ભાણા, રહે.સાંસીવાડ, ગામ.રળીયાતી, તા.જી.દાહોદ.
(૨) પ્રવિણભાઈ વાલાભાઈ પ્રજાપતિ, રહે.બહારપુરા, તા.જી.દાહોદ.
(૩) નરેશભાઈ રામચંદ્રભાઈ ગોહીલ, રહે.દોલતગંજ બજાર, તા.જી.દાહોદ.
(૪) રાજુભાઈ બચુભાઈ બારીયા, રહે.ઉતારા ફળીયુ, તા.જી.દાહોદ.

**એપીપીશ્રી – આર.એ.ગોરી.** **આરોપી તર્ફે વિવ શ્રી–આર.એમ.પરમાર.**

**<u>ગુન્હો : જુગારધારાની કલમ–૧૨ મુજબ.</u>** **<u>ઠરાવ</u>**

૧). આ કામની ફરીયાદ હકીકત આરોપીને વાંચી સભળાવી અને સમજાવવામાં આવેલી છે તેના જવાબમાં આરોપીએ સ્વેચ્છાએ ગુનો કબુલ કરેલ છે.આરોપીએ સ્વખુશીથી ગુન્હાની કબુલાત કરેલ છે જે નહી માનવાને કોઈ કારણ નથી. આરોપીઓની મુદ્દામાલ કલેઈમ કરતા નથી તે પુરસીસ તથા ફરીયાદીનો રીપોર્ટ કે આરોપીઓ સામે અન્ય કોઈ ગુનો બહાર આવેલ નથી તે ધ્યાને લીધો. <u>વળી હાલ કોરોના ને કારણે લોકોની આર્થીક પરીસ્થીતી માં ઘટાડો જોતાં દંડ યોગ્ય રીતે કરવો ન્યાયી જણાય છે.</u>

૨). આરોપીએ સ્વેચ્છાથી ગુન્હાની કબુલાત કરેલ છે અને કબુલાત પુરસીસ /પ્લી રજુ કરેલ છે જે ખુબ ગરીબ છે. તથા એક માત્ર કમાનાર હોઈ દંડ ભરવા મુદત આપવા સારુ તથા ઓછી સજા કરવા દયાની માગણી કરેલ છે અને જણાવેલ છે કે પ્રથમ ગુન્હો છે અને કુટુબનો ભરણપોષણનો આધાર આરોપી પર છે.આ કામના ગુન્હાનુ સ્વરુપ લક્ષમાં લઈ તથા આરોપી સ્વેચ્છાએ ગુન્હો કબુલ કરતો હોઈ નીચે મુજબનો હુકમ કરુ છુ.

૩). કેસની હકીકત, આરોપીના આર્થિક સંજોગો, તેની સ્વૈચ્છીક કબુલાત ધ્યાને લેતાં તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટે **<u>ગુજરાત રાજ્ય વિ. નટવર હરચંદજીના કેસમાં (જી.એલ.આર.૨૦૦૫(૧) પાના નં. ૭૦૯)</u>** આપેલ સમજુતિ મુજબ, આરોપીને કાયદામાં જણાવેલ સજા કરતાં ઓછી સજા કરવામાં આવે તો ન્યાયનો વિશાળ હેતુ સચવાય તેમ જણાય છે અને તે સંજોગોમાં ઓછી સજા કરવાના પુરતા કારણો જણાતાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે :–

### <u>હુકમ</u>

આરોપીને ક્રીમીનલ પ્રો.કોડની કલમ ૨૫૨ મુજબ કલમ જુગાર ધારાની કલમ–૧૨ મુજબ ના ગુનામાં ગુન્હેગાર ઠરાવી દરેક આરોપીને **રુા.૧૦૦/–પુરા અંકે રુપીયા એકસો પુરા (100 X 4 = 400)** નો દંડ ફરમાવવામાં આવે છે.જો આરોપીઓ દંડ ન ભરે તો દીન ૨ ની સાદી કેદની સજા ફરમાવુ છુ.

**એડી સી જે એમ કોર્ટ દાહોદ**
તા. **27/02/2025**

**ડબલ્યુ આર મલીક**
**એડી સી જે એમ કોર્ટ દાહોદ** સ્પેશ્યલ સીટીગંમેજી
જીજે૦૧૧૪૪

ઠરાવ બાદ આરોપી ખુબ ગરીબ હોઈ તે ટીઆરસી માટે તૈયાર છે. ટીઆરસી આજરોજ કરી પણ દંડ ભરવા મુદત માંગેલ છે. તેથી દંડ ભરવા મુદત:આગામી લોક અદાલત સુધી સમય આપેલ છે. તે દીવસે દંડ જમા લેવો. તથા કેસ નો નીકાલ કરવો. દંડ કલમ ૨૦૬ સીઆરપીસી મુજબ એડવોકેટ કે ઈષ્ટ મીત્ર ધ્વારા લઈ શકાશે

ડબલ્યુ આર મલીક

વધુ હુકમ:

**આજ સ્પેશીયલ સીટીગ માં દંડની રકમ ચુકતે થયેલ હોઈ આ કેસ નો નીકાલ ગણવો.**

આજરોજ ખુલ્લી અદાલત માં વાંચી સંભળાવી ને જાહેર કર્યો.

તા: **08 / 03 /2025**

ડબલ્યુ આર મલીક
**એડી સી જે એમ કોર્ટ દાહોદ** સ્પે સીટીગ